**MOST IMPORTANT TERMS AND CONDITIONS (MITC)**
**સૌથી મહત્વના નિયમો અને શરતો (એમઆઇટીસી)**

Pursuant to the terms and conditions agreed to between BAJAJ HOUSING FINANCE LIMITED ("**BHFL**" or "**the Lender**") and the Borrower ("**the Borrower**" or **"the Customer"**) as detailed in the Sanction letter, Loan Agreement ("**Loan Agreement**"), the Top-Up Loan Addendum, Disbursement letter, Key Fact Statement (KFS) and/ or other documents, if any, (collectively referred to as the "**Loan Documents**"), the Key Terms and Conditions are mentioned in this MITC.
મંજૂરી પત્ર, લોન એગ્રીમેન્ટ ("**લોન એગ્રીમેન્ટ**"), ટોપ-અપ લોન પરિશિષ્ટ, વિતરણ પત્ર, મુખ્ય તથ્ય નિવેદન (કેએફએસ) અને/અથવા અન્ય ડૉક્યૂમેન્ટ, જો કોઈ હોય, (સામૂહિક રૂપે "**લોન ડૉક્યૂમેન્ટ**"તરીકે ઓળખાય છે) તેમાં વિગતે જણાવ્યા મુજબ બજાજ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ("**બીએચએફએલ**" અથવા "**ધિરાણકર્તા**") અને કરજદાર ("**કરજદાર**" અથવા "**ગ્રાહક**") વચ્ચે સંમત થયેલ નિયમો અને શરતોને અનુલક્ષીને, આ એમઆઇટીસીમાં મુખ્ય નિયમો અને શરતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

This MITC must be read in conjunction with the terms and conditions of the Loan documents. The Loan availed by the Borrower shall be governed by the Loan Documents. In the event of any conflict between. the MITC set out herein and the Loan Documents, the terms and conditions of the Loan Documents shall prevail. We will be issuing customer login credentials (user id and password) through which customer can access Loan Agreement. In case customer is not able to access Loan agreement on portal, a request can be placed to provide copy of Loan Agreement and thereafter photocopy of Loan Agreement will be facilitated.
આ એમઆઇટીસીને લોન ડૉક્યૂમેન્ટનાં નિયમો અને શરતો સાથે સંયોજનમાં વાંચવું આવશ્યક રહેશે. કરજદાર દ્વારા લીધેલી લોનને લોન ડૉક્યૂમેન્ટ દ્વારા સંચાલિત કરવામાં આવશે. અહીં સ્થાપિત એમઆઇટીસી અને લોન ડૉક્યૂમેન્ટ વચ્ચે કોઈ વિરોધની સ્થિતિમાં, લોન ડૉક્યૂમેન્ટના નિયમો અને શરતો અંતિમ માન્ય ગણાશે.. અમે ગ્રાહકના લૉગ-ઇન ક્રેડેન્શિયલ (યૂઝર આઇડી અને પાસવર્ડ) જારી કરીશું, જેના માધ્યમથી ગ્રાહક લોન એગ્રીમેન્ટ ઍક્સેસ કરી શકે છે. જો ગ્રાહક પોર્ટલ પર લોન એગ્રીમેન્ટ ઍક્સેસ કરવામાં સક્ષમ ન હોય, તો લોન એગ્રીમેન્ટની કૉપી પ્રદાન કરવા માટે વિનંતી કરી શકાય છે અને ત્યારબાદ લોન એગ્રીમેન્ટની ફોટોકૉપી પ્રદાન કરવામાં આવશે.

**APPLICATION NO. / એપ્લિકેશન નંબર: ______________________________**

**NATURE OF LOAN / લોનની પ્રકૃતિ:** ☐ Secured Loan / સુરક્ષિત લોન ☐ Unsecured Loan / અસુરક્ષિત લોન

**TYPE OF LOAN / લોનનો પ્રકાર:** ☐ Fresh/ Purchase / ફ્રેશ/ પરચેઝ ☐ BT / બીટી ☐ BT+ Top up / બીટી+ ટૉપ-અપ ☐ Top Up **/** ટૉપ-અપ

1. **LOAN AMOUNT / લોન રકમ: ______________**

2. **EMI AMOUNT*/એગ્રીમેન્ટ*: ______________**

   *The EMI is indicative and may be subject to changes depending on factors, including but not limited to, the date of disbursement, actual loan amount being utilized and the stage of construction of the collateral. A system generated repayment schedule of the loan will be

⊗ To be signed by all Borrowers/ Co-Borrowers

shared separately. The repayment schedule specifies the break-up of Principal and Interest components for each EMI and can be accessed from our customer portal on the website and mobile application at any point in time.

*ઇએમઆઇ સૂચક છે અને તે પરિબળોના આધારે ફેરફારોને આધિન હોઈ શકે છે, જેમાં વિતરણની તારીખ, વાસ્તવિક લોન રકમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને કોલેટરલના નિર્માણનો તબક્કો શામેલ છે પરંતુ તે સુધી મર્યાદિત નથી. લોનનું સિસ્ટમ દ્વારા બનાવેલ ભરપાઈનું શેડ્યૂલ અલગથી શેર કરવામાં આવશે. ભરપાઈ શેડ્યૂલ દરેક ઇએમઆઇ માટે મુદ્દલ અને વ્યાજના ઘટકોના બ્રેક-અપને નિર્દિષ્ટ કરે છે અને કોઈપણ સમયે વેબસાઇટ અને મોબાઇલ એપ્લિકેશન પર અમારા ગ્રાહક પોર્ટલમાંથી ઍક્સેસ કરી શકાય છે.

### 3. INTEREST TYPE / વ્યાજ પ્રકાર:

| | | |
|---|---|---|
| **Annualized Rate of Interest** વ્યાજનો વાર્ષિક દર | Applicable Annualized Rate of Interest વ્યાજનો લાગુ વાર્ષિક દર | ☐ Floating Rate of Interest/ ફ્લોટિંગ વ્યાજ દર<br>☐ Fixed rate of Interest/ ફિક્સ વ્યાજ દર<br>☐Dual Rate Loan/ ડ્યુઅલ રેટ લોન |
| | If availing only Floating Rate of Interest, Type of Interest જો માત્ર ફ્લોટિંગ વ્યાજ દર મેળવેલ હોય તો, વ્યાજનાં દરનો પ્રકાર | ☐ BHFL FRR Linked/ બીએચએફએલ એફઆરઆર સાથે લિંક કરેલ<br>☐ REBLR Linked/ આરઇબીએલઆર સાથે લિંક કરેલ<br>☐ Sambhav FRR Linked/ સંભવ એફઆરઆર સાથે લિંક કરેલ |
| | BHFL FRR Linked Floating Rate of Interest બીએચએફએલ એફઆરઆર સાથે લિંક ફ્લોટિંગ વ્યાજ દર | BHFL FRR / બીએચએફએલ એફઆરઆર + Spread / સ્પ્રેડ = Applicable Floating Rate of Interest / લાગુ ફ્લોટિંગ વ્યાજ દર<br>______% + ______% = _________% per annum / પ્રતિ વર્ષ |
| | REBLR Linked Floating Rate of Interest આરઇબીએલઆર સાથે લિંક કરેલ ફ્લોટિંગ વ્યાજ દર | REBLR / આરઇબીએલઆર + Spread / સ્પ્રેડ = Applicable Floating Rate of Interest / લાગુ ફ્લોટિંગ વ્યાજ દર<br>______% + ______% = _________% per annum / પ્રતિ વર્ષ |
| | Sambhav FRR Linked Floating Rate of Interest સંભવ એફઆરઆર સાથે લિંક ફ્લોટિંગ વ્યાજ દર | Sambhav FRR / સંભવ એફઆરઆર + Spread / સ્પ્રેડ = Applicable Floating Rate of Interest / લાગુ ફ્લોટિંગ વ્યાજ દર<br>______% + ______% = _________% per annum / પ્રતિ વર્ષ |
| | Fixed Rate of Interest ફિક્સ વ્યાજ દર | ______% per annum / પ્રતિ વર્ષ |

**Dual Rate (Fixed + Floating) / ડ્યુઅલ રેટ (ફિક્સ્ડ + ફ્લોટિંગ)**

| | |
|---|---|
| Applicable Annualized Rate of Interest<br><br>લાગુ વાર્ષિક વ્યાજ દર | Fixed Rate of Interest during Fixed Rate Tenure followed by Floating Rate of Interest during Floating Rate Tenure<br>ફિક્સ રેટની મુદત દરમિયાન ફિક્સ વ્યાજ દર અને ત્યારબાદ ફ્લોટિંગ રેટની મુદત દરમિયાન ફ્લોટિંગ વ્યાજ દર |
| Fixed Rate of Interest during Fixed Rate Tenure<br>ફિક્સ રેટની મુદત દરમિયાન ફિક્સ વ્યાજ દર | ______% per annum / વાર્ષિક |
| Type of Floating Rate of Interest during Floating Rate Tenure<br>ફ્લોટિંગ રેટની મુદત દરમિયાન ફ્લોટિંગ વ્યાજ દરનો પ્રકાર | ☐ BHFL FRR Linked/ બીએચએફએલ એફઆરઆર સાથે લિંક કરેલ<br>☐ REBLR Linked/ આરઇબીએલઆર સાથે લિંક કરેલ<br>☐ Sambhav FRR Linked/ સંભવ એફઆરઆર સાથે લિંક કરેલ |
| BHFL FRR Linked Floating Rate of Interest<br>બીએચએફએલ એફઆરઆર સાથે લિંક કરેલ ફ્લોટિંગ વ્યાજ દર | BHFL FRR* / બીએચએફએલ + Spread / સ્પ્રેડ એફઆરઆર = Applicable Floating Rate of Interest / લાગુ ફ્લોટિંગ વ્યાજ દર<br>______% + ______% = _________% per annum / પ્રતિ વર્ષ |
| REBLR Linked Floating Rate of Interest<br>આરઇબીએલઆર સાથે લિંક કરેલ ફ્લોટિંગ વ્યાજ દર | REBLR* / આરઇબીએલઆર + Spread / સ્પ્રેડ એફઆરઆર = Applicable Floating Rate of Interest / લાગુ ફ્લોટિંગ વ્યાજ દર<br>______% + ______% = _________% per annum / પ્રતિ વર્ષ |
| Sambhav FRR Linked Floating Rate of Interest<br>સંભવ એફઆરઆર સાથે લિંક ફ્લોટિંગ વ્યાજ દર | Sambhav FRR* / સંભવ એફઆરઆર + Spread / સ્પ્રેડ = Applicable Floating Rate of Interest / લાગુ ફ્લોટિંગ વ્યાજ દર<br>______% + ______% = _________% per annum / પ્રતિ વર્ષ |
| *The Borrower agrees that the Annualized Rate of Interest shall be computed basis the applicable BHFL FRR and/or REBLR and/or Sambhav FRR applicable on date of commencement of Floating Rate Tenure.<br>*કરજદાર સંમત થાય છે કે વાર્ષિક વ્યાજ દરની ગણતરી ફ્લોટિંગ રેટની મુદત શરૂ થવાની તારીખે લાગુ પડતા બીએચએફએલ એફઆરઆર અને/અથવા સંભવ એફઆરઆર અને/અથવા આરઇબીએલઆરના આધારે કરવામાં આવશે. | |

**Moratorium or subsidy / મોરાટોરિયમ અથવા સબસિડી:**

**Date of reset of Interest (if any) / વ્યાજ રિસેટ કરવાની તારીખ (જો કોઈ હોય તો):**

**Modes of communication of changes in Interest Rate / વ્યાજ દરમાં ફેરફારના કમ્યુનિકેશનના માધ્યમ:**

BHFL is entitled to revise the interest / EMI rate upward or downward from time to time during the loan tenure, and with due intimation to the Borrower, due to changes in BHFL FRR or Sambhav FRR or REBLR or due to regulatory requirements. Any revision in the rate of interest is effective prospectively. Other components of REBLR Interest rate type loans can be reviewed once in three years and changed if required. BHFL shall inform of such change in Interest Rate by sending letter to the Borrower on registered communication address/ mailer

on registered E mail ID/ Message on registered Mobile No and/or by updating its Website. Such communication through any two alternate modes of communications mentioned above shall constitute sufficient notice to the Borrower. If such change is to the disadvantage of the Borrower, the Borrower may within 60 days and without notice foreclose the Loan account without paying any extra charges or interest.
બીએચએફએલ એફઆરઆર અથવા સંભવ એફઆરઆર અથવા રેગ્યુલેટરી આવશ્યકતાઓને અથવા કારણે આરઇબીએલઆરમાં ફેરફારને કારણે, લોનની મુદત દરમિયાન સમયાંતરે અને કરજદારને યોગ્ય સૂચના સાથે વ્યાજ / ઇએમઆઇ દરમાં વધારો અથવા ઘટાડો કરવા માટે હકદાર છે. વ્યાજ દરમાં કોઈપણ સુધારો આગામી તારીખથી અસરકારક રહેશે. આરઇબીએલઆર વ્યાજદર પ્રકારની લોનના અન્ય ઘટકોની ત્રણ વર્ષમાં એકવાર સમીક્ષા કરી શકાય છે અને જો જરૂરી હોય તો તેમા ફેરફાર પણ કરી શકાય છે. BHFL વ્યાજ દરમાં આવા ફેરફારની જાણ, કર્જદારને તેમના રજિસ્ટર્ડ કમ્યુનિકેશન ઍડ્રેસ પર પત્ર મોકલીને/ રજિસ્ટર્ડ ઇ-મેઇલ ID પર મેઇલ મોકલીને/ રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર મેસેજ મોકલીને અને/ અથવા તેમની વેબસાઇટ અપડેટ કરીને કરશે. ઉપર ઉલ્લેખિત કોઈપણ બે વૈકલ્પિક કમ્યુનિકેશન પદ્ધતિઓ દ્વારા કરેલ આ કમ્યુનિકેશન, કર્જદારને પર્યાપ્ત સૂચના ગણાશે. જો આવા ફેરફાર કરજદારના નુકસાન માટે છે, તો કરજદાર 60 દિવસની અંદર અને નોટિસ વિના કોઈપણ અતિરિક્ત શુલ્ક અથવા વ્યાજની ચુકવણી કર્યા વિના લોન એકાઉન્ટને ફોરક્લોઝ (બંધ) કરી શકે છે.

In the event of any revision in the Annualized Rate of Interest, the Company at its discretion, grant you an option to switch your loan from floating rate to fixed rate and vice-versa at the time of interest rate reset. Conversion charges for switching of interest rate types between floating and fixed rate loan are mentioned under **Fees & Other Charges** section below. Also, it is clarified that upon conversion from floating rate of Interest to fixed rate of Interest, the applicable fixed Annualized Rate of Interest shall be 200 bps i.e. 2% (two per cent) per annum higher than the floating Annualized Rate of Interest applicable prior to the conversion. Conversion shall be affected within 30 (thirty) days from the date of receipt of such request in writing from the applicant(s) and that such option to change from fixed to floating and/or vice-versa shall be available for a maximum of 3 times during the entire loan tenure. Further, please note that Fixed Interest Rate Type Term Loans attract Partial prepayment and foreclosure charges as defined in the `Pre-Payment Charges' table. It is hereby clarified that this paragraph is only applicable on loans with Floating Interest Rate on Equated Monthly Instalments (EMI) based 'Personal Loans' wherein the definition of `Personal Loans' is as per RBI's circular on "XBRL Returns – Harmonization on Banking Statistics" dated January 04, 2018, as amended from time to time.
વાર્ષિક વ્યાજદરમાં કોઈ ફેરફાર થાય ત્યારે કંપની પોતાના વિચારથી તમને ફ્લોટિંગ રેટમાંથી ફિક્સ્ડ રેટમાં અને તેના વિપરીત સ્વિચ કરવાનો વિકલ્પ વ્યાજદર રીસેટ સમયે આપી શકે છે. ફ્લોટિંગ અને ફિક્સ્ડ રેટ લોન વચ્ચે વ્યાજ દરના પ્રકારોને સ્વિચ કરવા માટે કન્વર્ઝન શુલ્ક નીચે આપેલ **ફી અને અન્ય શુલ્ક** સેક્શન હેઠળ ઉલ્લેખિત છે. ઉપરાંત, તે સ્પષ્ટ કરવામાં આવે છે કે ફ્લોટિંગ રેટથી ફિક્સ્ડ રેટમાં રૂપાંતર કરતી વખતે લાગુ ફિક્સ્ડ વાર્ષિક વ્યાજદર, ફ્લોટિંગ વાર્ષિક વ્યાજદર કરતાં 200 બીપીએસ, એટલે કે વાર્ષિક 2% (બે ટકા) વધુ રહેશે, જે રૂપાંતર પહેલાં લાગુ હતા.. અરજદાર(રો) તરફથી લેખિતમાં આવી વિનંતી મળ્યાની તારીખથી 30 (ત્રીસ) દિવસની અંદર કન્વર્ઝન લાગુ થશે અને સમગ્ર લોન મુદત દરમિયાન ફિક્સ્ડમાંથી ફ્લોટિંગ અને/અથવા ફ્લોટિંગમાંથી ફિક્સ્ડમાં બદલવાનો વિકલ્પ મહત્તમ 3 વખત માટે ઉપલબ્ધ રહેશે. વધુમાં, કૃપા કરીને નોંધ કરો કે ફિક્સ્ડ વ્યાજ દર પ્રકારની ટર્મ લોનમાં 'પૂર્વ-ચુકવણી શુલ્ક' ટેબલમાં વ્યાખ્યાયિત મુજબ આંશિક પૂર્વચુકવણી અને ફોરક્લોઝર શુલ્ક લાગે છે. અહીં સ્પષ્ટ કરવામાં આવે છે કે આ પરિચ્છેદ માત્ર સમાન માસિક હપ્તાઓ (ઇએમઆઇ) આધારિત 'પર્સનલ લોન' પર લાગુ પડે

છે, જેમાં 'પર્સનલ લોન'ની વ્યાખ્યા 04 જાન્યુઆરી, 2018 ના રોજ "એક્સબીઆરએલ રિટર્ન્સ - બેન્કિંગ આંકડાઓ અંગેની સમાનતા" ના રોજ આરબીઆઇના પરિપત્ર મુજબ છે.

**4. LOAN TENURE / લોનની મુદત:** ____ months **/ મહિના**

**Dual rate / ડ્યુઅલ રેટ**:

| | |
|---|---|
| Fixed Rate Tenure **/ ફિક્સ્ડનો દર ગ્રહણની અવધિ** | __ months **/ મહિના** |
| Floating Rate Tenure **/ ફ્લોટિંગનો દર ગ્રહણની અવધિ** | __ months **/ મહિના** |

Note: 'Loan Tenure' mentioned above is inclusive of Pre-EMI tenure, My EMI Period, EMI Holiday Period, if opted. Pre-EMI as applicable will be chargeable from the applicant(s)..
નોંધ**:** ઉપર ઉલ્લેખિત 'લોનની મુદત' માં પ્રી-ઇએમઆઇ મુદત**,** મારી ઇએમઆઇ અવધિ**,** ઇએમઆઇ હૉલિડે અવધિ**,** જો પસંદ કરેલ હોય તો**,** તે શામેલ છે. પ્રી- ઇએમઆઇ**,** જે લાગુ પડે તે મુજબ**,** અરજદાર(રો) પાસેથી વસૂલવામાં આવશે.

**5. PURPOSE OF LOAN / લોનનો હેતુ: _____**

| | |
|---|---|
| **Purpose of Loan applicable for Home Loans (Please tick the appropriate choice)**<br>**હોમ લોન માટે લાગુ લોનનો હેતુ (કૃપા કરીને યોગ્ય પસંદગી ટિક કરો):** | ☐ Purchase of New Property / Builder Purchase / નવી પ્રોપર્ટીની ખરીદી / બિલ્ડર ખરીદી<br>☐ Self – Construction / સ્વ-નિર્માણ<br>☐ Purchase of Plot and construction of house thereon / પ્લોટની ખરીદી અને તેના પર ઘરનું બાંધકામ<br>☐ Resale Purchase / Purchase of Old Unit / પુનઃ વેચાણ ખરીદી/જૂના યુનિટની ખરીદી |
| **Purpose of Loan applicable for non-Home Loans**<br>**નૉન-હોમ લોન માટે લાગુ લોનનો હેતુ** | ☐ For cases where all Borrowers are Salaried Individuals – Personal Use / જ્યાં તમામ કરજદારો પગારદાર વ્યક્તિઓ હોય તેવા કિસ્સાઓ માટે - વ્યક્તિગત ઉપયોગ<br>☐ For cases where even one Borrower is non-salaried or a Non-Individuals – Business Purpose / Use / એવા કિસ્સાઓ માટે જ્યાં કોઈ એક કરજદાર પણ બિન-પગારદાર અથવા બિન-વ્યક્તિ હોય - બિઝનેસના હેતુ / ઉપયોગ |

*Illustrative list of loans which shall be classified as loans for business purpose:
*** લોનની દૃષ્ટાંતરૂપ યાદી જે લોનને બિઝનેસના હેતુ માટેની લોન તરીકે વર્ગીકૃત કરવામાં આવશે:**

- Lease Rental Discounting Loans.
- લીઝ રેન્ટલ ડિસ્કાઉન્ટિંગ લોન.
- Loans Against any Property availed for Business Purpose / Use such as Working Capital, Debt Consolidation, Repayment of Business Loan, Expansion of business, Acquisition of Business asset or any similar end usage of funds.
- બિઝનેસના હેતુ માટે મેળવેલી કોઈપણ પ્રોપર્ટી પર લોન / કાર્યકારી મૂડી, ઋણ એકીકરણ, બિઝનેસ લોનની ચુકવણી, બિઝનેસનું વિસ્તરણ, બિઝનેસ એસેટનું એક્વિઝિશન અથવા ફંડનો સમાન અંતિમ ઉપયોગ જેવા ઉપયોગ.

- Loan for purchase of Non-Residential Properties.
- બિન-રહેણાંક પ્રોપર્ટીની ખરીદી માટે લોન.
- Loan against security of Non-Residential Property.
- બિન-રહેણાંક પ્રોપર્ટીની સિક્યોરિટી સામે લોન.
- Top up loans for Business Purpose / Use such as Working Capital, Debt Consolidation, Repayment of Business Loan, Expansion of business, Acquisition of Business asset or any similar end usage of funds.
- બિઝનેસના હેતુ માટે ટૉપ અપ લોન / કાર્યકારી મૂડી, ઋણ એકીકરણ, બિઝનેસ લોનની ચુકવણી, બિઝનેસનું વિસ્તરણ, બિઝનેસ એસેટનું એક્વિઝિશન અથવા ફંડનો સમાન અંતિમ ઉપયોગ જેવા ઉપયોગ.

**6. INSTALLMENT TYPES / હપ્તાના પ્રકારો: Monthly / માસિક**

 **Term Loan** / **ટર્મ લોન**
 **Flexi Term Loan**. / **ફ્લૅક્સી ટર્મ લોન**
 **Flexi Hybrid Loan**. / **ફ્લૅક્સી હાઇબ્રિડ લોન**

**Adjustment of payments done by customer to loan account / લોન એકાઉન્ટમાં ગ્રાહક દ્વારા કરવામાં આવેલી ચુકવણીઓનું ઍડજસ્ટમેન્ટ:**

I. Term loans (including Flexi Term Loans) / ટર્મ લોન (ફ્લૅક્સી ટર્મ લોન સહિત):

a) Customers making payment through any mode other than the payment gateways (i.e. RTGS/NEFT/IMPS/UPI etc.): Credit to the loan account will be done post receipt of the clear funds by the Company, (Normally same day except in failure transactions).

a) ગ્રાહકો પેમેન્ટ ગેટવે સિવાય અન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા ચુકવણી કરે છે (એટલે કે આરટીજીએસ/એનઈએફટી/આઈએમપીએસ/યૂપીઆઈ વગેરે.): કંપની દ્વારા ક્લિયર ફંડ પ્રાપ્ત કર્યા પછી રકમ ક્રેડિટ કરવામાં આવશે, (સામાન્ય રીતે તે જ દિવસે, નિષ્ફળ ટ્રાન્ઝૅક્શન સિવાય).

b) Customers making payment through payment gateway (e.g. bill desk): Credit to the loan account will be done on receipt of funds by company (normally T+1 day wherein T is debit date to customer account).

b) ગ્રાહકો પેમેન્ટ ગેટવે દ્વારા ચુકવણી કરે છે (દા.ત. bill desk): કંપની દ્વારા ફંડ પ્રાપ્ત થયા પછી લોન એકાઉન્ટમાં રકમ ક્રેડિટ કરવામાં આવશે (સામાન્ય રીતે T+1 દિવસ, જેમાં T એ ગ્રાહકના એકાઉન્ટમાંથી રકમ ડેબિટ થયાની તારીખ છે).

c) Banking holidays are excluded for computation of credit period as funds are not received at company end hence it can be more than T+1 days. Customers are advised to check specifically banking holidays before transferring money through payment gateways since there may be more than one banking holiday, the difference in debit to customer bank account and credit may go beyond T+1 day.

c) ક્રેડિટ સમયગાળાની ગણતરી માટે બેંકમાં લાગુ રજાઓ બાકાત રાખવામાં આવી છે કારણ કે રજા દરમિયાન કંપનીને ફંડ પ્રાપ્ત થતું નથી તેથી તે T+1 દિવસથી વધુ હોઈ શકે છે. ગ્રાહકોને પેમેન્ટ ગેટવે દ્વારા પૈસા ટ્રાન્સફર કરતા પહેલાં ખાસ કરીને બેંકમાં લાગુ રજાઓ તપાસવાની સલાહ આપવામાં આવે છે કારણ કે એક કરતાં વધુ દિવસની બેંકમાં લાગુ રજા હોઈ શકે છે, તેથી ગ્રાહકના બેંક એકાઉન્ટમાંથી રકમ ડેબિટ થવામાં અને રકમ ક્રેડિટ થવામાં T+1 દિવસથી વધુ સમયનો તફાવત આવી શકે છે.

d) Transactions where customer account is debited but credit is received with delay at payment gateway's end to Company due to error in payment gateway, credit to customer account would be given on day of receipt of credit in Company's account.

d) એવા ટ્રાન્ઝૅક્શન જ્યાં ગ્રાહકના એકાઉન્ટમાંથી ચુકવણીની રકમ કપાઈ જાય છે પરંતુ પેમેન્ટ ગેટવેમાં ભૂલને કારણે કંપનીના પેમેન્ટ ગેટવેમાં વિલંબથી રકમ પ્રાપ્ત થાય છે, ત્યારે ગ્રાહકના એકાઉન્ટમાં એ રકમ કંપનીના એકાઉન્ટમાં રકમ પ્રાપ્ત થયાના દિવસે જ જમા કરવામાં આવશે.

II. Additional conditions for Flexi Term Loan where Loan amount is greater than Rs.1.00 crore:

II. વધારાની શરતો ફ્લૅક્સી ટર્મ લોન માટે, જ્યાં લોનની રકમ રૂ.1.00 કરોડથી વધુ હોય:

a) For flexi payments cut off timings would be 1 p.m. on normal banking working day.

a) ફ્લૅક્સી ચુકવણીઓ માટે કટ ઑફ સમય સામાન્ય બૅંકિંગ કાર્યકારી દિવસે 1 P.M સુધીનો રહેશે.

b) Amounts transferred prior to 1:00 p.m. on banking working day: Credit to the loan account will be done on the same day [except payments through gateway, as mentioned in clause: I(b)].

b)બૅંકિંગ કાર્યકારી દિવસે 1:00 P.M પહેલાં ટ્રાન્સફર કરેલી રકમ: તે જ દિવસે લોન એકાઉન્ટમાં ક્રેડિટ કરવામાં આવશે [પેમેન્ટ ગેટવે દ્વારા ચૂકવણી સિવાય, કલમમાં ઉલ્લેખ કર્યા મુજબ: I(b)].

c) Amounts transferred post 1:00 p.m. on banking working day: Credit to the loan account will be done on T+1 day.

c) બૅંકિંગ કાર્યકારી દિવસે મહિના 1:00 P.M પછી ટ્રાન્સફર કરેલી રકમ: T+1 દિવસે લોન એકાઉન્ટમાં ક્રેડિટ કરવામાં આવશે.

d) Payments done on banking holiday: Credit to the loan account will be done on the next working day. Customers are advised to check specifically banking holidays before transferring money through payment gateways since there may be more than one banking holiday, the difference in debit to customer bank account and credit may go beyond T+1 day.

d) બૅંકિંગ રજાઓના દિવસે કરવામાં આવેલી ચુકવણીઓ: રકમ આગામી કાર્યકારી દિવસે લોન એકાઉન્ટમાં ક્રેડિટ કરવામાં આવશે. ગ્રાહકોને ચુકવણી ગેટવે દ્વારા પૈસા ટ્રાન્સફર કરતા પહેલાં ચોક્કસપણે બૅંકમાં લાગુ રજાઓ તપાસવાની સલાhહ આપવામાં આવે છે કારણ કે એકથી વધુ દિવસની બૅંકમાં રજા હોઈ શકે છે, ગ્રાહકના બૅંક એકાઉન્ટમાંથી રકમ ડેબિટ થવામાં અને રકમ ક્રેડિટ થવામાં T+1 દિવસથી વધુ સમયનો તફાવત આવી શકે છે.

e) Transactions where customer account is debited but credit is received with delay at payment gateway's end to Company due to error in payment gateway, credit to customer account would be given on day of receipt of credit in Company's account.

e) એવા ટ્રાન્ઝૅક્શન જ્યાં ગ્રાહકના એકાઉન્ટમાંથી ચુકવણીની રકમ કપાઈ જાય છે પરંતુ પેમેન્ટ ગેટવેમાં ભૂલને કારણે કંપનીના પેમેન્ટ ગેટવેમાં વિલંબથી રકમ પ્રાપ્ત થાય છે, ત્યારે ગ્રાહકના એકાઉન્ટમાં એ રકમ કંપનીના એકાઉન્ટમાં રકમ પ્રાપ્ત થયાના દિવસે જ જમા કરવામાં આવશે.

**7. SECURITY / સુરક્ષા**

- The charge created / to be created against the Property/ies offered as security in favour of BHFL and / or any other collateral / security as may be created in favour of BHFL is/are

considered as the security of the loan, which is detailed in Loan Documents. The Security shall mean and include mortgage, guarantee and any other form of security as deemed fit by BHFL for securing the loan and submitted by the Borrower accordingly. The Borrower shall produce such original/copy of title deeds, documents, reports as may be required by BHFL.

- બીએચએફએલના પક્ષમાં સુરક્ષા તરીકે ઑફર કરેલ સંપત્તિ/ સંપત્તિઓ સામે બનેલ / બનાવવામાં આવનાર ચાર્જને અને / અથવા બીએચએફએલના પક્ષમાં બનાવી શકાય તેવી કોઈ અન્ય કોલેટરલ/ સુરક્ષાને લોનની સુરક્ષા તરીકે ગણવામાં આવે છે, જે લોન ડૉક્યૂમેન્ટમાં વિગતે જણાવેલ છે. સુરક્ષાનો અર્થ અને તેમાં બીએચએફએલને લોન સુરક્ષિત રાખવા માટે યોગ્ય લાગે તેમ અને તે અનુસાર કરજદાર દ્વારા સબમિટ કરેલ ગિરવે, ગેરંટી અને કોઈપણ અન્ય પ્રકારની સુરક્ષાનો સમાવેશ થાય છે.. કરજદાર એ બીએચએફએલ દ્વારા આવશ્યક તેવા શીર્ષક કરાર, ડૉક્યૂમેન્ટ, રિપોર્ટની આવી અસલ/કૉપી પ્રદાન કરશે.
- The Borrower shall bear all the charges payable for the creation of said security and shall take all the steps required for the perfection thereof.
- કરજદાર કહેવાતી સુરક્ષાના નિર્માણ માટે ચૂકવવાપાત્ર તમામ શુલ્ક વહન કરશે અને તેની પૂર્ણતા માટે આવશ્યક તમામ પગલાં લેશે.

NOTE: If it is an Unsecured Loan, the aforementioned clauses w.r.t. to security shall not be applicable.
નોંધ: કોઈ અસુરક્ષિત લોનના કિસ્સામાં સુરક્ષાને લગતી ઉપરોક્ત કલમો લાગુ રહેશે નહીં.

## 8. INSURANCE OF THE PROPERTY/ BORROWER(S) / સંપત્તિ/કરજદાર(ઓ) નું ઇન્શ્યોરન્સ

- It will be the Borrower's responsibility to ensure that the Property offered as security, is duly insured for an amount equivalent or above the loan value from and against all risks, with BHFL as sole beneficiary during the tenure of the loan. The evidence thereof shall be given to BHFL whenever required for by BHFL.
- કરજદારની જવાબદારી રહેશે કે, સિક્યોરીટી તરીકે ઑફર કરવામાં આવેલી સંપત્તિ, તે લોન મૂલ્યની સમકક્ષ અથવા તેનાથી વધુ માટે અને તમામ જોખમોની સામે, બીએચએફએલને એકલ લાભાર્થી તરીકે, લોનની મુદત દરમિયાન ઇન્શ્યોર્ડ હોય એ સુનિશ્ચિત કરે. બીએચએફએલ દ્વારા આવશ્યક હોય ત્યારે તેના પ્રમાણ બીએચએફએલને આપવાના રહેશે.

- The claims & coverage will be governed in accordance with the terms & conditions of the insurance policy issued by the insurance company.
- ક્લેઇમ્સ અને કવરેજ ઇન્શ્યોરન્સ કંપની દ્વારા આપવામાં આવેલી ઇન્શ્યોરન્સ પૉલિસીના નિયમો અને શરતો અનુસાર સંચાલિત કરવામાં આવશે. બીએચએફએલ એ માસ્ટર પૉલિસીધારકની ક્ષમતામાં વિવિધ ગ્રુપ ઇન્શ્યોરન્સ પૉલિસી હેઠળ, માત્ર તેના ગ્રાહકોને જ નોંધણી ઑફર કરે છે.

- BHFL offers enrolment, only to its customers, under various Group insurance policies in the capacity of a Master Policy Holder. The role of BHFL is limited to the effect that it only facilitates at the request of the customer to apply for an insurance policy from the insurance company. However, the decision to issue an insurance policy, provide requisite insurance coverage and settle any future claim under the policy would solely rest with the insurance company only. Insurance is the subject matter of solicitation, and the

Borrower has considered availing the same voluntarily. BHFL holds no warranty and does not make any representation about the insurance product, the underlying terms and conditions and/or benefits of the insurance product, the manner of processing the claims by the insurance company. Further, BHFL shall not be responsible for acceptance or rejection of the request for insurance policy and/or claims, the manner of processing of claims etc., in any manner whatsoever. All or any grievances in reference to the insurance policy will have to be directly taken up with the insurance company only.

- બીએચએફએલની ભૂમિકા ગ્રાહકની વિનંતી પર ઇન્શ્યોરન્સ કંપની તરફથી ઇન્શ્યોરન્સ પૉલિસી માટે અપ્લાઇ કરવાની સુવિધા પ્રદાન કરવા સુધીની જ છે. જો કે, ઇન્શ્યોરન્સ પૉલિસી જારી કરવાનો, આવશ્યક ઇન્શ્યોરન્સ કવરેજ પ્રદાન કરવાનો અને પૉલિસી હેઠળ કોઈપણ ભવિષ્યનાં ક્લેઇમને સેટલ કરવાનો નિર્ણય માત્ર ઇન્શ્યોરન્સ કંપની પાસે જ રહેશે.. ઇન્શ્યોરન્સ એ વિનંતીનો વિષય છે, અને કરજદારે સ્વૈચ્છિક રીતે તેનો લાભ લેવાનો વિચાર કર્યો છે. બીએચએફએલ કોઈ વોરંટી આપતી નથી અને ઇન્શ્યોરન્સ પ્રૉડક્ટ, તેના અંતર્ગત નિયમો અને શરતો અને/અથવા ઇન્શ્યોરન્સ પ્રૉડક્ટનાં લાભ, ઇન્શ્યોરન્સ કંપની દ્વારા ક્લેઇમની પ્રક્રિયા કરવાની રીત વિશે કોઈ પ્રતિનિધિત્વ કરતી નથી. વધુમાં, બીએચએફએલ કોઈપણ રીતે ઇન્શ્યોરન્સ પૉલિસી અને/અથવા ક્લેઇમની વિનંતીને સ્વીકારવા અથવા નકારવા માટે, ક્લેઇમની પ્રક્રિયા કરવાની રીત વગેરે માટે જવાબદાર રહેશે નહીં. ઇન્શ્યોરન્સ પૉલિસીના સંદર્ભમાં તમામ અથવા કોઈપણ ફરિયાદો સીધી જ ઇન્શ્યોરન્સ કંપનીને કરવાની રહેશે.

## 9. CONDITIONS FOR DISBURSEMENT OF THE LOAN / લોનના વિતરણ માટેની શરતો

- Submission of all relevant documents as mentioned by BHFL in the Sanction Letter, Loan Agreement and other Loan Documents;
- મંજૂરી પત્ર, લોન એગ્રીમેન્ટ અને અન્ય લોન ડૉક્યૂમેન્ટમાં બીએચએફએલ દ્વારા ઉલ્લેખિત તમામ સંબંધિત ડૉક્યૂમેન્ટ સબમિટ કરવા;
- If it is a secured Loan, the following additional conditions will also have to be satisfied by the Customer:
- જો તે સુરક્ષિત લોન હોય, તો ગ્રાહક દ્વારા નીચેની અતિરિક્ત શરતો પણ સંતુષ્ટ કરવાની રહેશે:
  - Legal & Technical Assessment of the Property;
  - સંપતિનું કાનૂની અને ટેક્નિકલ મૂલ્યાંકન;
  - Clear, marketable and unencumbered title of the property offered as security;
  - સુરક્ષા તરીકે ઑફર કરવામાં આવતી સંપતિનું સ્પષ્ટ, વેચાણ યોગ્ય અને બોજારહિત ટાઇટલ;
  - If the loan is a Home Loan, proof of payment of the own contribution towards the purchase of the Property by the Borrower has to be submitted to BHFL;
  - જો આ લોન હોમ લોન હોય, તો કરજદાર દ્વારા સંપત્તિની ખરીદીમાં પોતાનાં યોગદાનની ચુકવણીનો પુરાવો બીએચએફએલને સબમિટ કરવાનો રહેશે;
  - The construction carried out over the Property/ies has been undertaken as per the approved plans and as per applicable laws/bye-laws/rules and regulations;
  - આ સંપત્તિ/ઓ પર કરેલ બાંધકામ એ મંજૂર યોજનાઓ મુજબ અને લાગુ કાયદાઓ /બાય-લૉ/નિયમો અને રેગ્યુલેશન અનુસાર હાથ ધરવામાં આવેલ છે;
  - All required approvals (including, but without limitation, the approved plans and the statutory approvals) for the property have been obtained and submitted to BHFL.
  - સંપત્તિ માટેની આવશ્યક તમામ મંજૂરીઓ (મંજૂર પ્લાન અને વૈધાનિક મંજૂરીઓ સહિત, પરંતુ મર્યાદા વિના) પ્રાપ્ત થઈ છે અને બીએચએફએલને સબમિટ કરવામાં આવી છે.

## 10. REPAYMENT OF THE LOAN / લોનની પુનઃચુકવણી

- The Borrower agrees to repay the EMIs/Monthly Instalments and the other Outstanding Dues to BHFL on or before the respective Due Dates by any of the repayment modes as set out in the Loan Agreement or the Top-Up Loan Addendum, or in such manner and at such place, as may be agreed between the Borrower and BHFL.
- કરજદાર, લોન એગ્રીમેન્ટ અથવા ટૉપ-અપ લોન પરિશિષ્ટમાં, અથવા કરજદાર અને બીએચએફએલ વચ્ચે સંમત હોય એ રીતે અને એ સ્થળે નિર્ધારિત પુનઃચુકવણીની કોઈપણ પદ્ધતિ દ્વારા, સંબંધિત ચુકવણી તારીખ પર અથવા તે પહેલાં, બીએચએફએલને ઇએમઆઇ/માસિક હપ્તા અને અન્ય બાકી દેય રકમની ચુકવણી માટે સંમત થાય છે.

- BHFL may, at the request of the Borrower in writing, agree to change the repayment mode. BHFL may, at any time, in its discretion revise the repayment schedule in its sole and absolute discretion and notify the Borrower in advance accordingly.
- બીએચએફએલ, કરજદારની લેખિત વિનંતી પર, પુનઃચુકવણીની પદ્ધતિ બદલવા માટે સંમત થઈ શકે છે.  બીએચએફએલ, કોઈપણ સમયે, તેના એકમાત્ર અને સંપૂર્ણ વિવેકાધિકાર અનુસાર પોતાની મુનસફી પ્રમાણે ચુકવણી શેડયૂલમાં સુધારો કરી શકે છે અને તે અનુસાર કરજદારને ઍડવાન્સમાં સૂચિત કરી શકે છે.

- The EMI/Monthly Instalment amount shall be arrived at so as to comprise the repayment of the Loan Amount and payment of Interest calculated on the basis of the Interest Rate within the Loan Tenure. The Borrower agrees to continue paying EMIs/Monthly Instalments until all Outstanding Dues under the Loan have been repaid in full to BHFL.
- ઇએમઆઇ/માસિક હપ્તાની રકમ એ લોનની મુદતમાં લોનની રકમની પુનઃચુકવણી અને વ્યાજ દરના આધારે ગણતરી કરેલ વ્યાજની ચુકવણીને સમાવિષ્ટ કરીને ગણવામાં આવશે..  કરજદાર, જ્યાં સુધી બીએચએફએલને લોન હેઠળની બાકી દેય ચુકવણી સંપૂર્ણપણે ચૂકવવામાં ન આવે ત્યાં સુધી, ઇએમઆઇ/માસિક હપ્તા ભરવાનું ચાલુ રાખવાની સંમતિ આપે છે.

## 11. BRIEF PROCEDURE TO BE FOLLOWED FOR RECOVERY OF OVERDUES / બાકી રહેલ રકમની પુનઃપ્રાપ્તિ માટે પાલન કરવામાં આવતી સંક્ષિપ્ત પ્રક્રિયા:

On occurrence of any event of default as mentioned in the Loan Agreement and other Loan Documents ("**Event of Default**"), all outstanding amounts owed by the Borrower to BHFL shall become payable forthwith and BHFL reserves the right to undertake such necessary processes/measures to enforce its rights under the Loan Agreement and other Loan Documents including but not limited to charging Default Interest for the delayed payment, recovery of over dues.  Further, in case of a secured loan, BHFL will be entitled to enforce the Security in accordance with the remedies available under the Law. BHFL also reserves the right to:
લોન એગ્રીમેન્ટ અને અન્ય લોન ડૉક્યૂમેન્ટમાં ઉલ્લેખિત મુજબ ડિફૉલ્ટની કોઈપણ ઘટના થવા પર ("ડિફૉલ્ટની ઘટના"), બીએચએફએલ પાસે કરજદાર દ્વારા બાકીની તમામ રકમ તરત જ ચૂકવવાપાત્ર બનશે અને બીએચએફએલ એ લોન એગ્રીમેન્ટ અને અન્ય લોન ડૉક્યૂમેન્ટ હેઠળ તેના અધિકારોને અમલમાં મૂકવા માટે વિલંબિત ચુકવણી માટે ડિફૉલ્ટ વ્યાજ વસૂલવા, દેય રકમની વસૂલાત સહિત, પરંતુ અહીં મર્યાદિત ના રહેતા, આવી આવશ્યક પ્રક્રિયાઓ/પગલાં લેવાનો અધિકાર અનામત રાખે છે.  વધુમાં,

સુરક્ષિત લોનનાં કિસ્સામાં, બીએચએફએલ કાયદા હેઠળ ઉપલબ્ધ ઉપાયો અનુસાર સુરક્ષા લાગુ કરવા માટે હકદાર રહેશે. બીએચએફએલ આના માટે અધિકાર પણ અનામત રાખે છે:

- Accelerate the repayment of the Outstanding Dues including the Loan.
- લોન સહિત બાકી રકમની પુનઃચુકવણી ઝડપી કરવા.
- Place the Loan on demand or declare all Outstanding Dues payable by the Borrower in respect of the Loan to be due and payable immediately.
- લોનને પરત માંગવી અથવા લોનની કરજદાર દ્વારા ચૂકવવાપાત્ર તમામ બાકી રહેલ રકમને ત્વરિત દેય અને ચૂકવવાપાત્ર જાહેર કરવા.
- Charge interest on delayed payment, applicable Penal Charges including Bounce Charges, Late Payment Charges & Covenant Perfection Charges.
- વિલંબિત ચુકવણી પર વ્યાજ શુલ્ક, લાગુ દંડાત્મક શુલ્ક જેમા બાઉન્સ શુલ્ક, વિલંબિત ચુકવણી શુલ્ક અને કરાર પૂર્ણતા શુલ્ક સામેલ છે.
- Exercise such other rights and remedies as may be available to the Company under applicable law during the pendency of the Loan.
- લોન બાકી હોય તે દરમિયાન લાગુ કાયદા હેઠળ કંપનીને ઉપલબ્ધ હોય તેવા અન્ય અધિકારો અને ઉપાયોનો ઉપયોગ કરવો.
- Stipulate such other condition/s or take such other action/s as the Company deems fit;
- આવી અન્ય શરતોને નિર્ધારિત કરવી અથવા કંપનીને યોગ્ય લાગે તે અન્ય કાર્યવાહી કરવી;
- Has the right to disclose all the loan account details of the Borrower to RBI, NHB, stock exchange, Information Utility, auditors, CIBIL and other information bureaus and any other Statutory/Regulatory authority and/or any other agency authorised in this behalf pursuant to any legal/regulatory requirements.
- આરબીઆઇ, એનએચબી, સ્ટૉક એક્સચેન્જ, માહિતી ઉપયોગિતા, ઑડિટર્સ, સીઆઇબીઆઇએલ અને અન્ય માહિતી બ્યુરો અને અન્ય કોઈ વૈધાનિક/રેગ્યુલેટરી પ્રાધિકરણ અને/અથવા કોઈપણ કાનૂની/રેગ્યુલેટરી આવશ્યકતાઓ માટે અધિકૃત કોઈપણ અન્ય એજન્સીને કરજદારની લોન એકાઉન્ટની તમામ વિગતો જાહેર કરવાનો અધિકાર છે.
- At its sole discretion, publish the name, address, photograph, Security details (if applicable) and such other information of the Borrower as the BHFL deems fit, in electronic, print and social media, and that such publication shall also include the fact of such Event of Default; and the Borrower agrees that the BHFL is not responsible or liable for any harm and/ or damage caused to the Borrower, whether monetary or otherwise, because of the publication of such information.
- બીએચએફએલની સંપૂર્ણ મુનસફી પર, તેમને યોગ્ય લાગે તેમ કરજદારનું નામ, ઍડ્રેસ, ફોટોગ્રાફ, સુરક્ષા વિગતો (જો લાગુ હોય તો) અને આવી અન્ય માહિતી ઇલેક્ટ્રોનિક, પ્રિન્ટ અને સોશિયલ મીડિયામાં પ્રકાશિત કરે અને આવા પ્રકાશનમાં આવી ડિફૉલ્ટની ઘટનાનું તથ્ય પણ સમાવિષ્ટ હશે; અને કરજદાર સંમત થાય છે કે આવી માહિતીનાં પ્રકાશનને લીધે, કરજદારને થતા નાણાંકીય કે અન્ય કોઈ નુકસાન અને/અથવા હાનિ માટે બીએચએફએલ જવાબદાર અથવા ઉત્તરદાયી નથી.
- Take possession of the Property, if any, on which Security is so created whether by itself or through any of the recovery agents or attorneys as may be appointed by the Lender.
- પોતે જાતે અથવા ધિરાણકર્તા દ્વારા નિયુક્ત કોઈપણ રિકવરી એજન્ટ અથવા અટૉર્ની દ્વારા, સુરક્ષા કરેલ સંપત્તિ, જો કોઈ હોય તો, તેનો કબજો લઈ લો.

## 12. ANNUAL OUTSTANDING BALANCE STATEMENT / વાર્ષિક બાકી બૅલેન્સ સ્ટેટમેન્ટ

BHFL shall issue the annual outstanding balance statement to the Borrower at the request.
બીએચએફએલ કરજદારને વિનંતી પર વાર્ષિક બાકી બૅલેન્સ સ્ટેટમેન્ટ જારી કરશે.

## 13. FAIR PRACTICE CODE / ફેર પ્રેક્ટિસ કોડ

Fair Practice code of the company can be referred online in link provided below:
કંપનીના ફેર પ્રેક્ટિસ કોડને ઑનલાઇન રેફર કરવા માટે નીચે આપેલ લિંક પર જઈ શકાય છે:
https://www.bajajhousingfinance.in/notice-board

## 14. CUSTOMER SERVICES / ગ્રાહક સર્વિસ

| | |
|---|---|
| E mail<br>ઇમેઇલ | bhflwecare@bajajhousing.co.in |
| Call / ફોન | 022 - 45297300 |
| Online Customer Portal<br>ઑનલાઇન ગ્રાહક પોર્ટલ | https://myaccount.bajajhousingfinance.in/#/home |
| Branch visiting hours<br>શાખાની મુલાકાતના કલાકો | 10:00 AM to 6:00 PM |

Queries raised through any of the above-mentioned channels will be actioned and resolved for the Borrower within 7 working days.
ઉપરોક્ત કોઈપણ ચૅનલ દ્વારા ઉઠાવેલ કરજદારના પ્રશ્નો પર 7 કાર્યકારી દિવસોમાં કાર્યવાહી કરવામાં આવશે અને તેનું નિરાકરણ કરવામાં આવશે.

(i) **loan account statement -** Loan Account statement can be downloaded online. Alternatively, Customer can obtain the statement by walking into Branch or even by calling on customer care number indicated above**.**

(i) **લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ -** લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટને ઑનલાઇન ડાઉનલોડ કરી શકાય છે. વૈકલ્પિક રીતે, ગ્રાહક શાખામાં જઇને અથવા ઉપર સૂચવેલા ગ્રાહક સેવા નંબર પર કૉલ કરીને પણ સ્ટેટમેન્ટ મેળવી શકે છે.

(ii) **photocopy of the title documents –** In case if secured loan is availed by Customer by submitting title and link documents of the property, photocopy of title and link documents of the property, would be provided to customer upon receiving a written request from Customer and subject to payment of applicable charges as defined under Fees/ charges section below. In case of takeover/balance transfer loans, the request by the customer for photocopy of title & link documents will be facilitated subject to receipt of title and link documents from the Transferor bank/Financial Institution.

(ii) **ટાઇટલ ડૉક્યૂમેન્ટની ફોટોકૉપી -** જો ગ્રાહક દ્વારા સંપત્તિના શીર્ષક અને લિંક ડૉક્યૂમેન્ટ સબમિટ કરીને સુરક્ષિત લોન લેવામાં આવી હોય, તો સંપત્તિના શીર્ષક અને લિંક ડૉક્યૂમેન્ટની ફોટોકૉપી, ગ્રાહક પાસેથી લેખિત વિનંતી પ્રાપ્ત કર્યા પછી અને નીચે આપેલા ફી/શુલ્ક સેક્શનમાં જણાવેલ લાગુ શુલ્કની ચુકવણીને આધીન, ગ્રાહકને પ્રદાન કરવામાં આવશે. ટેકઓવર/બૅલેન્સ

ટ્રાન્સફર લોનના કિસ્સામાં, ગ્રાહક દ્વારા શીર્ષક અને લિંક ડૉક્યૂમેન્ટની ફોટોકૉપી માટેની વિનંતી પર, ટ્રાન્સફર કરનાર બેંક/ફાઇનાન્શિયલ સંસ્થા તરફથી શીર્ષક અને લિંક ડૉક્યૂમેન્ટ પ્રાપ્તિને આધીન, કાર્યવાહી કરવામાં આવશે.

(iii) **return of original title & link documents on closure/transfer of the loan -** Original Property documents received by the BHFL along with removal of any mortgage charges, would be returned within 30 days of from date of full repayment / settlement of all loans , provided all requisite documents are submitted by the customer(s) along with removal of any charges registered with any registry such as CERSAI, mortgage (Equitable mortgage / simple mortgage), ROC charges, etc.

(iii) **લોન ક્લોઝર/ટ્રાન્સફર કરવા પર અસલ શીર્ષક અને લિંક ડૉક્યૂમેન્ટ પરત કરવા -** બીએચએફએલ દ્વારા પ્રાપ્ત થયેલા અસલ પ્રોપર્ટી ડૉક્યૂમેન્ટ, તમામ લોનની સંપૂર્ણ ચુકવણી/સેટલમેન્ટની તારીખથી 30 દિવસની અંદર રિટર્ન કરવામાં આવશે, જો સીઇઆરએસએઆઇ, ગિરવે (ઇક્વિટેબલ મૉરગેજ / સરળ મૉરગેજ), આરઓસી શુલ્ક વગેરે જેવા કોઈપણ રજિસ્ટ્રી સાથે રજિસ્ટર્ડ કોઈપણ શુલ્કને દૂર કરવા સાથે ગ્રાહક(કો) દ્વારા બધા જરૂરી ડૉક્યૂમેન્ટ સબમિટ કરવામાં આવે છે.

## 15. GRIEVANCE REDRESSAL / ફરિયાદ નિવારણ

You will receive an acknowledgement / response within 2 business days of receiving your communication:
તમારું કમ્યુનિકેશન પ્રાપ્ત થયાના 2 કાર્યકારી દિવસોની અંદર તમને સ્વીકૃતિ / પ્રતિસાદ મળશે:

| | |
|---|---|
| Level 1<br>લેવલ 1 | We are committed to resolving customer's queries / issues within 15 days (some of the scenarios requiring more time will take maximum of 30 days). If customer does not hear from us within this time, or not satisfied with our resolution of query, the customer may write to us at bhflgrievance@bajajhousing.co.in<br>અમે ગ્રાહકોના પ્રશ્નો/સમસ્યાઓને 15 દિવસોમાં ઉકેલવા માટે પ્રતિબદ્ધ છીએ (વધુ સમયની જરૂર હોય તેવા અમુક સંજોગોમાં મહત્તમ 30 દિવસ લાગી શકે છે). જો ગ્રાહકને આ સમયની અંદર અમારી પાસેથી જવાબ પ્રાપ્ત ના થાય, અથવા તેઓ સમસ્યાનાં નિરાકરણથી સંતુષ્ટ નથી, તો ગ્રાહક અમને અહીં લખી શકે છે:<br>bhflgrievance@bajajhousing.co.in |
| Level 2<br>લેવલ 2 | If the customer is not satisfied with the resolution provided at level 1 within 5 days, the customer may post his/her complaint to the head of Customer Experience at<br>Bhflcustomerexperience@bajajhousing.co.in<br>જો ગ્રાહક 5 દિવસોમાં લેવલ 1 પર પ્રદાન કરેલા સમાધાનથી સંતુષ્ટ નથી, તો ગ્રાહક ગ્રાહક અનુભવ પ્રમુખને તેમની ફરિયાદ અહીં લખી શકે છે: Bhflcustomerexperience@bajajhousing.co.in<br><br>Alternatively, the customers may write to The Head of Customer Experience at:<br>વૈકલ્પિક રીતે, ગ્રાહકો ગ્રાહક અનુભવ પ્રમુખને અહીં લખી શકે છે:<br>Bajaj Housing Finance Limited,<br>5th Floor, B2 Cerebrum IT Park,<br>Kumar City Kalyani Nagar Pune,<br>Maharashtra Pin – 411014<br>બજાજ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ,<br>5th ફ્લોર, B2 સેરિબ્રમ IT પાર્ક,<br>કુમાર સિટી કલ્યાણી નગર પુણે,<br>મહારાષ્ટ્ર પિન – 411014 |

| | |
|---|---|
| Level 3<br>લેવલ 3 | If the customer is not satisfied with the resolution provided at level 2 within 7 days, the customer may post his/her complaint to the Grievance Redressal Officer at<br><br>bhflgro@bajajhousing.co.in<br><br>જો ગ્રાહક 7 દિવસોમાં લેવલ 2 પર પ્રદાન કરેલા સમાધાનથી સંતુષ્ટ નથી, તો ગ્રાહક ફરિયાદ નિવારણ અધિકારીને તેમની ફરિયાદ અહીં લખી શકે છે: bhflgro@bajajhousing.co.in<br><br>Alternatively, the customers may write to Grievance Redressal Officer:<br>વૈકલ્પિક રીતે, ગ્રાહક ફરિયાદ નિવારણ અધિકારીને લખી શકે છે:<br><br>Hema Ratnam<br>Bajaj Housing Finance Limited,<br>5th Floor, B2 Cerebrum IT Park,<br>Kumar City Kalyani Nagar Pune,<br>Maharashtra Pin – 411014<br>Contact No.: 020 71878321<br><br>હેમા રત્નમ<br>બજાજ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ,<br>5th ફ્લોર, B2 સેરિબ્રમ IT પાર્ક,<br>કુમાર સિટી કલ્યાણી નગર પુણે,<br>મહારાષ્ટ્ર પિન – 411014<br>સંપર્ક નંબર: 020 71878321 |
| Level 4<br>લેવલ 4 | In case of non-redressal of the complaint to the customer's satisfaction, within 30 days from the date of complaint, the customer may approach the National Housing Bank by lodging its complaint in online mode at the link https://grids.nhbonline.org.in or in offline mode by post at the address given below in the prescribed format available under the Grievances section at https://nhb.org.in/.<br>જો ફરિયાદનું નિરાકરણ ગ્રાહકની સંતુષ્ટિ મુજબ ન થયું હોય, તો ફરિયાદ કર્યાની તારીખથી 30 દિવસની અંદર, ગ્રાહક નેશનલ હાઉસિંગ બેંકને ઑનલાઇન મોડમાં https://grids.nhbonline.org લિંક પર અથવા ઑફલાઇન મોડમાં https://nhb.org.in/ પર ફરિયાદ વિભાગ હેઠળ ઉપલબ્ધ નિર્ધારિત ફોર્મેટમાં નીચે આપેલ ઍડ્રેસ પર પોસ્ટ દ્વારા ફરિયાદ દાખલ કરીને National Housing Bank નો સંપર્ક કરી શકે છે.<br><br>**National Housing Bank,**<br>Department of Supervision,<br>(Grievance Redressal Department),<br>4th Floor, Core-5A, India Habitat Centre,<br>Lodhi Road,<br>New Delhi- 110003<br>**નેશનલ હાઉસિંગ બેંક,**<br>દેખરેખ વિભાગ,<br>(ફરિયાદ નિવારણ વિભાગ),<br>4th ફ્લોર, Core -5A, ઇન્ડિયા હેબિટેટ સેન્ટર,<br>લોધી રોડ,<br>નવી દિલ્હી- 110003 |

In case of any grievance/complaint regarding Outsourced Service Providers, Account Aggregator (AA) services and grievance / complaint relating to credit information reported to Credit Information Companies ("CICs"), the above Grievance Redressal Procedure and Grievance Redressal officer details shall be referred.
આઉટસોર્સ કરેલ સેવા પ્રદાતાઓ, એકાઉન્ટ એગ્રીગેટર (એએ) સેવાઓ અને ક્રેડિટ માહિતી કંપનીઓને ("સીઆઇસી") ને રિપોર્ટ કરેલી ક્રેડિટ માહિતી સંબંધિત ફરિયાદ/સમસ્યાના કિસ્સામાં, ફરિયાદ નિવારણ પ્રક્રિયા અને ફરિયાદ નિવારણ અધિકારીની વિગતો ઉપર જણાવવામાં આવશે.

## 16. GRIEVANCE PROCESS / ફરિયાદની પ્રક્રિયા
